**કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ = 2024**

**................પ્રા.શાળા, સી.આર.સી ..................**

- ગુજરાત સરકારના શિક્ષણનાં મહાકુંભનો અમીઘૂંટડો એટલે શાળા પ્રવેશોત્સવ.પોતાના જીવનમાં શિક્ષણનાં પગથીયે પહેલી પગલી માંડતા ભૂલકાઓનો આગવો અવસર એટલે પ્રવેશોત્સવ.તો આજ રોજ આપણી શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ = 2024 ઉજવાઈ રહ્યો છે ત્યારે શાળા પરિવાર વતી આપ સર્વેનું અત્રે ઉષ્માભર્યું હાર્દિક સ્વાગત છે.આજના આ પવિત્ર પ્રસંગે પ્રાંગણ શોભાવનાર પ્રભુના પયંગબરો એવા બાળકોના આગમન પ્રારંભે આપણા પ્રવેશોત્સવની કાર્યક્રમની શરૂઆત કરીએ.

**(૧) કાર્યક્રમનાં શ્રી ગણેશ મનુષ્યના ગૌરવગાન સાથે કરીએ. ( ૦૫ મિનીટ )**

"મનુષ્ય તું બડા મહાન હૈ "

**(૨) યોગ પરિચય અને નિદર્શન ( ૦૩ મિનીટ )**

શાળાનાં વિદ્યાર્થીઓ આપણી સમક્ષ યોગ ક્રિયાઓ કરશે જેને આપણે નિહાળીએ

- **દીપ પ્રાગટ્ય**

"જાત બાળીને ખુદની દે છે ઉજ્જવળ પ્રકાશ
ધન્ય,ધન્ય એ દીપને,દિવ્ય જીવનમાં વાસ "

તો મંચસ્થ મહેમાનોને વિનતી કરૂ કે તેઓ અમારી શાળામાં આજનો કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકે.

**(૩) મહેમાનોનું પુસ્તક દ્વારા સ્વાગત – પરિચય (૦૫ મિનીટ)**

"મહેમાનોના વધામણા દિલથી અમે આપીએ
સ્વાગત કરી અહી, તમને અમે નવાજીએ

આપણે રૂડી–રૂડી, રંગોળી અમે પુરાવીએ

આપણે સાથે મળી, આ અવસરને દીપાવીએ "

તો આજે પધારેલ મહેમાનોનું પુસ્તક દ્બારા સ્વાગત કરી આપણી ગુર્જર પરંપરાને નિભાવી લઈએ.

મહેમાનશ્રીઓ . ૧.

૨.

૩.

૪.

૫.

૬.

૭.

૮.

૯.

૧૦.

**(૪) નામાંકન વિધિ :– ( ૦૭ મિનીટ )**

નાની –નાની પા..પા..પગલી આજે આ શાળાના ચોગાનમાં પાડવાની છે. જેમના મીઠા અને માસૂમ કલરવથી આ શાળાને એક રંગીન વાતાવરણ મળવાનું છે.જેના જીવનમાં શિક્ષણનું પ્રથમ સોપાન કંડારવા જઈ રહ્યું છે તેવા પ્રવેશ મેળવતા આજે બાળકોને હુફ થી આપણે વધાવીએ અને આપના શિક્ષણનાં રંગે રંગાવીને શિક્ષણનાં ભગીરથ કાર્યમાં જોડી દઈ એક નૂતન પેઢી ઘડીએ.

- તો મહેમાનોને વિનંતી છે કે આજે તેઓ જે શુભ આશયથી જે શુભકાર્ય કરતા આવ્યા છે તે પોતાના વરદ હસ્તે પ્રારંભે.અને આ પુણ્યનું કાર્ય કરી નાના બાળકોને શુભ શિક્ષણ પ્રવેશ કરાવે.
- આંગણવાડીનાં બાળકોનો પ્રવેશ.
- ધોરણ – ૧ નાં બાળકોનો પ્રવેશ.
- ધોરણ ૮ ના બાળકોનો પ્રવેશ.

- **સુખડી વિતરણ**

રાજ્ય સરકાર આજે શિક્ષણ પ્રત્યે વધુ કટિબદ્ધ બની છે ત્યારે નાના બાળકોના હિત લક્ષી કાર્યોને અગ્રતા આપેલ છે એવીજ એક પોષણક્ષમ કાર્યક્રમ ગુજરાત સરકારનો સુખડી વિતરણનો છે.તો અત્રે સુખડી વિતરણ થશે.

આભાર મહાનુભાવોનો કે પોતાના શુભા હસ્તે આ નાના ભૂલાકાની શિક્ષણ સફરને ઉત્થાન કરી પુન: આભાર સર્વેનો

**(૫) દેશભક્તિ ગીત ( ૦૫ મિનીટ )**

તો આજના આ પાવન પ્રસંગે અમારી શાળાના બાળકો આપના દેશભક્તોને અર્પણ એવું દેશભક્તિ ગીત રજુ કરશે .જેને આપણે ર્હદય થી માણશું.

**(૬) વિધ્યાલક્ષી બૉન્ડ વિતરણ (૦૩ મિનીટ)**

**આજના પ્રસંગે ધોરણ ૧ માં પ્રવાસ પામેલ બાળાઓને મહેમાનો વિધાલક્ષ્મી બૉન્ડ અર્પણ કરશે.**

**(૭) શિષ્યવૃત્તિ વહેચણી :– (૦૩ મીનીટ)**

સરકારશ્રી દ્વારા બાળકોની મળતી સહાય પેટે શિષ્યવૃત્તિની ચુકવણી પધારેલ મહેમાનોના હસ્તે કરીશું.

૧.

૨.

૩.

**(૮) સાયકલ વિતરણ  (૦૩ મિનીટ)**

ધોરણ ૮ પાસ કરી ધોરણ ૯ માં પ્રવેશ કરેલ બાળાને પ્રોત્સાહન રૂપે સાયકલ વિતરણ મહેમાનો કરશે.

| | | |
|---|---|---|
| ૧. | ૩. | ૫. |
| ૨. | ૪. | ૬. |

**( ૯ – ૧ ) ધોરણ ૩ થી ૮ નાં પ્રથમ,દ્વિતીય,તૃતીય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન**

**(૦૩ મિનીટ)**

" કલપ્ના કી દુનિયા હર કોઈ બનાતા હૈ

લેકિન પાતા વહી હૈ,જો તકદીર લેકે આતા હૈ "

આવા તેજસ્વી વિદ્યાર્થીઓ જે આ શાળાનાં ચમકતા સિતારા છે જેઓ આ ગામનું ગૌરવ છે તેવા પોતાની કક્ષામાં પ્રથમ ક્રમે ઉત્તીણ થનાર વિદ્યાર્થીઓનું સ્વાગત પણ અત્રે પુસ્તક આપીને કરવામાં આવશે.

(ધોરણ :–૩ ) ૧.

(ધોરણ :–૪ ) ૧.

(ધોરણ :–૫ ) ૧.

(ધોરણ :–૬ ) ૧.

(ધોરણ :–૭ ) ૧.

(ધોરણ :–૮ ) ૧.

https://MaruGujarat.Blog/

**(૯ – ૨ )   દાતાશ્રીઓનું સન્માન                                                  ( ૦ ૨ મિનીટ )**

દાતાઓ સમાજની શોભા અને ગામનું આગવું ગૌરવ છે, આવા પુણ્યશાળી હૃદય શાળાને સમાજને અવાર–નવાર અન્યોન્ય રીતે મદદ કરી જાય છે.ત્યારે તેઓનું પણ સન્માન કેમ કરી ચૂકાય....

૧.

૨.

૩.

૪.

૫.

૬.

**(૯ – ૩)  વિદ્યાર્થીનું વક્તવ્ય  અમૃતવાણી :–            ( ૦૫–મિનીટ )**

શબ્દ એ આ સંસારની કોમળ ચીજ છે ત્યારે જ કોઈ કવિએ ભાગ્યશાળી હૃદય માટે કહ્યું છે કે "મળે છે શબ્દોની જાગીર ભાગ્યવંતોને" આવા નીખારની વાત જ કે અનોખી હોય છે. અત્રે આ પ્રવેશોત્સવ પ્રસંગે આપણી સમક્ષ આ શાળાના વિદ્યાર્થીઓમાંથી ........................................................................ અમૃત વચન રજુ કરશે. જેમનો વિષય છે ..............................................................................

- **મહેમાનોનું ઉદબોધન :–   (૦૫ મિનીટ)**

"દુખની ઉડાડે ધૂળ તે શેતાન હોય છે.
સુખનું વહાવે ઝરણું તે ભગવાન હોય છે
બંનેનો મેળ શોધી જે નીપજાવે જીંદગી
મારું માનવું છે તે ઈન્શાન હોય છે"

આજે આપણે આંગણે પવિત્ર પ્રસંગ એવા પ્રવેશોત્સવ કાર્યક્રમને શોભાવવા મહેમાનશ્રીઓ પધાર્યા છે તો તેઓના આશીર્વચન આપણને મીઠી વીરડી સમાન છે, તો ૧. ____________પોતાના આશીર્વચન પાઠવશે.

- **સમાપન વિધિ (૦૨ મિનીટ)**

“શબ્દોને સાચા સ્વરૂપે પામવા

મૌનને આકાર હોવો જોઈએ

સૌ મિલનનો અંત આવે એ પડે

આંખમાં આભાર હોવો જોઈએ “

તો આજના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૧૪ ના આ કાર્યક્રમની આભાર વિધિ ..................................................................... કરશે. તો ......................................................................વિનંતી કે આ કાર્યક્રમની આભાર વિધિ કરે.

- **વ્રુક્ષારોપણ**

પ્રવેશોત્સવ કાર્યક્રમની પૂર્વ સંધ્યાએ પર્યાવરણ વિશેની અવર્નેશ કેળવાય તે હેતુસર અને “છોડ માં રણછોડ” જોવાની દષ્ટિ નાના બાળકોમા બાળપણથી કેળવાય તે હેતુસર કાર્ય સિદ્ધિના ભાગરૂપે શાળાના પટાંગણમાં મહેમાનોના શ્રી હસ્તે વ્રુક્ષારોપણ કરીએ.

તો મહેમાનોને વિનંતી કે તેઓ શાળાના પટાંગણમાં વ્રુક્ષ વાવેતર કરે.

રાષ્ટ્રગીતનું ગાન :-

તો આપણે સૌ આપણા રાષ્ટ્રને માન આપવા માટે એક સાથે પોતાની જગ્યા ઉપર ઉભા થઈ રાષ્ટ્રગીતનું સમૂહ ગાન કરીશું.

આપ સર્વેનો ફરીથી શાળા પરિવાર વતી ખુબ–ખુબ

આભાર ...

“ભારત માતા કી જય”



https://MaruGujarat.Blog/